## નિપુણ ભારત નિપુણ ગુજરાત મિશન અંતર્ગત

પ્રારંભિક શિક્ષણ પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન
માટેની શૈક્ષણિક સહાયક સામગ્રી

NIPUN BHARAT



# વાર્તા સંગ્રહ

## ભાગ - ૩





GCERT Gandhinagar

समग्र शिक्षा
Samagra Shiksha



# અનુક્રમણિકા


૧. છોકરાં અને દેડકાં

૨. સસ્સારાણાની જીદ

૩. નમે તે સૌને ગમે

૪. બતકનું પ્રેમાળ બચ્ચું

૫. વાંદરાભાઈને આંખો આવી

૬. બે બિલાડી અને વાંદરો

૭. ઊંટનાં અઢારે વાંકાં

૮. સંપ ત્યાં જંપ

૯. રાજા અને ચકલી

૧૦. રાજાનો પોપટ

૨૧. એકતામાં શક્તિ

૧૧. વૃક્ષો આપણા મિત્રો

૧૨. નિર્દોષ જીવનો બચાવ

૧૩. ડોશીમાનું ડહાપણ

૧૪. સ્ત્રીની ચતુરાઈ

૧૫. ઘવાયેલો ગધેડો

૧૬. શેઠની ચતુરાઈ

૧૭. દરબારી રત્ન

૧૮. થોડામાં સંતોષ

૧૯. સંપ સાચું બળ

૨૦. દૂધના દૂધમાંને પાણીના પાણીમાં

# ૧. છોકરાં અને દેડકાં

એક દિવસ ગામનાં છોકરાંઓના ટોળાને તળાવમાં પથ્થર ફેંકવાની ઈચ્છા થઈ. પછી તો બધાં જ તોફાની છોકરાંઓ તળાવમાં પથ્થર ફેંકવા લાગ્યાં. પાણીમાં પથ્થરો ફેંકતાં જ અવાજ આવે અને કૂંડાળાં થાય તે જોવાની બાળકોને મજા પડી.



બીજી બાજુ છોકરાંઓ ઉપરાઉપરી પથ્થર ફેંકતા હતા તેનાથી તળાવમાં રહેલાં દેડકાઓનાં માથાં ફૂટવા લાગ્યાં. વળી, કેટલાંક દેડકાંઓ તો મરી પણ ગયા. દેડકાંઓ પોતાનો જીવ બચાવવા તળાવમાં દોડા-દોડી કરવા લાગ્યાં.

છેવટે, એક વડીલ દેડકો હિંમત કરીને તળાવની બહાર આવ્યો. તેમણે છોકરાંને કહ્યું, ‘બાળકો! તમારી આ રમત અમારો જીવ લે છે. બીજાને નુકસાન થાય એવી રમતો ક્યારેય ન રમવી જોઈએ.’



બાળકોને પોતાની ભૂલ સમજાઈ ગઈ અને તેમણે તળાવમાં પથ્થરો કે અન્ય વસ્તુ ન ફેંકવાનો નિયમ લીધો.

# ૨. સસ્સારાણાની જીદ

મંગળવનમાં એક સુંદર સસલું રહેતું હતું.
ફૂલ જેવું તે સુંદર.
પણ કદથી લાગે ઉંદર.




સસલું ધોળું અને રૂપાળું હતું, પરંતુ કદમાં નાનું હતું એટલે જંગલનાં પ્રાણીઓ તેની મજાક ઉડાવતાં.

સસ્સારાણા રોજ ચિંતા કરે, ભગવાને મને નાનું કેમ બનાવ્યું ?

એક દિવસ જંગલમાં એક સાધુ મહારાજ આવ્યા. સાધુ મહારાજ ભગવાનને ભોજન ધરાવવા માટે ફળો શોધતા હતા. સસલાભાઈએ તો સાધુ મહારાજને પ્રણામ કર્યા અને થાળ માટેનાં ફળો પોતે લાવી આપશે એમ જણાવ્યું. સસલાએ સાધુ મહારાજને કહ્યું, મહારાજ શું આપ મારું કદ વધારી આપશો ?

સસલાભાઈની વાત સાંભળી સાધુ મહારાજે સમજાવ્યું, 'ભગવાને જે આપ્યું તે બરાબર છે! સસલાભાઈએ તો મોટા થવાની જીદ પકડી એટલે સાધુ મહારાજે તેનું કદ વધારી આપ્યું. સસલો તો હવે ખૂબ મોટો દેખાતો. એક દિવસ શિકારીઓ જંગલમાં આવ્યા. તેઓ મોટા સસલાને જોઈ ખુશ



થઈ ગયા. તેમણે સસ્સારાણાને પકડવા જાળ પાથરી. સસલું તો સાધુ મહારાજને યાદ કરી. ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યું. અચાનક તેનું કદ ખૂબ નાનું થઈ ગયું. સસ્સારાણા તો જાળની બહાર ભાગી નીકળ્યા.

સસ્સારાણાને પોતાની ભૂલ સમજાઈ. તેઓ સમજી ગયા કે ભગવાને જે આપ્યું તે બરાબર જ છે.

# ૩. નમે તે સૌને ગમે

નદીના કિનારે એક ઊંચું તાડનું ઝાડ હતું. ઝાડ મજબૂત હતું. આ ઝાડની આસપાસ નાના-નાના છોડ ઉગેલા હતા, જે કોઈપણ મૂકે તો પણ કચડાઈ જાય તેવા કોમળ હતા અને થોડો પવન વાય તોય વળી જાય.

ચોમાસાની ઋતુ આવી. આકાશમાં વાદળાં છવાઈ ગયાં અને છતે દિવસે રાત જેવું લાગવા માંડ્યું. પવન જોર-જોરથી ફૂંકાવા લાગ્યો. વાવાઝોડું ત્રાટકે એવું લાગતુ હતું. પવનની ગતિ વધવા લાગી, વાવાઝોડું એટલું જોરદાર હતું કે ઊંચું અને મજબૂત તાડનું ઝાડ અડધેથી તૂટી ગયું. તાડે જોયું કે છોડ તો જેવા હતા તેવા ને તેવા જ હતા. તાડે આશ્ચર્યથી છોડને પૂછ્યું, 'આટલા ભયંકર વાવાઝોડામાંય તમે કેવી રીતે બચી ગયા? છોડે નમ્રતાથી જવાબ આપ્યો. તમે અક્કડ ઊભા રહ્યા અને પવનની ગતિ સાથે ન નમ્યા એટલે તૂટી પડ્યા અને અમે પવનની ગતિ જોઈને નમી ગયા એટલે બચી ગયા.'



# ૪. બતકનું પ્રેમાળ બચ્ચું

એક તળાવ હતું. આ તળાવમાં એક બતકનું બચ્ચું તેના પરિવાર સાથે રહે. બતકનું બચ્ચું ખૂબ પ્રેમાળ અને મળતાવડું હતું. તે દરરોજ તળાવમાં લટાર મારવા નીકળે.

એક દિવસ તેણે કરચલાને ડૂબતો જોયો. બતકના બચ્ચાને દયા આવી ગઈ. તેણે કરચલાને ડૂબતો



બચાવ્યો અને કાંઠા પર મૂક્યો. જેવો કરચલો કાંઠે પહોંચ્યો કે તરત જ તેણે બતકના બચ્ચાને ડંખ મારી દીધો અને રેતીમાં દટાઈ ગયો.

બતકનું બચ્ચું તો દર્દથી કંપી ઊઠ્યું અને રડતું-રડતું ઘરે જઈ તેની મમ્મીને બધી વાત કહી દીધી બતકની મમ્મીએ તેએ છાનું રાખી કહ્યું. તું ખૂબ પ્રેમાળ છે. તેં કોઈકનો જીવ બચાવ્યો. અને આગળ પણ મોકો મળે તો આવું કાર્ય કરતા રહેવા કહ્યું. બતકનું બચ્ચું માંની ગોદમાં ભરાઈ શાંતિથી સાંભળતું રહ્યું.

થોડા દિવસ બાદ રોજની જેમ બતકનું બચ્ચું તળાવમાં લટાર મારતું હતું. ત્યારે તેને ફરીવાર કરચલાનું પાણીમાં ડૂબવાથી બુડબુડિયાં બોલતાં સંભળાયું. ઘડીક તો તેણે વિચાર્યું કે આ કરચલાએ જ મને ડંખ માર્યો તો એટલે તેને નથી બચાવવો પરંતુ તરત જ તેને તેની મમ્મીએ આપેલી શીખામણ યાદ આવી અને એ કરચલાને બચાવવા ગયું.



આ વખતે કાંઠા પર છોડતાં-છોડતાં બતકનું બચ્ચું કરચલા સામે જોઈ રહ્યું હતું અને ફરીવાર ડંખ મારશે કે નહિ તે વિચારી રહ્યું હતું.

કરચલો જેવો કાંઠા પર ઊતર્યો ત્યારે તેને પહેલો વિચાર ડંખ મારવાનો જ આવ્યો પરંતુ બતકના બચ્ચાએ ડંખ મારવા છતાં તેને બીજીવાર બચાવ્યું એમ વિચારી શરમનું માર્યું નીચું જોઈ ગયું.

બતકનું બચ્ચું મરકતું મરકતું આ વાત કરવા પોતાની મમ્મી પાસે જતું રહ્યું.

# ૫. વાંદરાભાઈને આંખો આવી

વાંદરાભાઈને શાળા વેકેશન પડ્યું એટલે તેઓ કહે રજા રે ભાઈ રજા, ટીવી જોવાની મજા. વાંદરા ભાઈને જંગલના અન્ય મિત્રો બોલાવે પણ વાંદરાભાઈ તો ટીવી અને મોબાઈલમાં મશગૂલ. એક વખત વાંદરાભાઈની આંખો લાલચોળ થઈ ગઈ. તેમને ખૂબ દુખાવો થવા લાગ્યો. વાંદરાભાઈ તો દવાખાને પહોંચ્યા.



ડૉક્ટરસાહેબ આંખ બહુ દુખે છે અને બળે છે.
શું કરું ? પાણીથી ધોવું કે ટીપાં મૂકું ?
હાથી ડૉક્ટર બોલ્યા, તડકામાં ખૂબ ફરતા લાગો છો. ટીવી, મોબાઈલ બહુ જોતાં લાગો છો.

વાંદરાભાઈ કહે, ‘‘આ તો જરા શાળામાં રજા છે એટલે !’’
હાથી ડૉક્ટરે એને સમજાવ્યું કે ટીવી, મોબાઈલ બહુ જોતાંની સાથે ચશ્માં ઉતારતા નહીં.
વાંદરો વિચારે તો શું રમું ?



ત્યાં તો નાનકડી ખિસકોલી, સાતેકડું, લખોટા, ગિલ્લી દંડો, કેરમ વગેરે લઈને આવી પહોંચી. બધાં પ્રાણીઓએ ઘરમાં અને ઘરની બહાર ધમાચકડી મચાવી મોજ કરી.

# ૬. બે બિલાડી અને વાંદરો

એક વખત બે બિલાડી ભેગી થઈ, બંનેની સામે એક રોટલો દેખાયો, બંને રોટલા તરફ દોડી. રોટલો ખાવા બંને ઝગડવા લાગી. દૂરથી વાંદરાભાઈએ બંને બિલાડીઓને લડતી-ઝઘડતી જોઈ. વાંદરો કહે, ‘લડો નહીં, હું તમને રોટલો વહેંચી આપું.’ વાંદરો એક ત્રાજવું લઈ આવ્યો, તેને



રોટલાના બે સમાન ભાગ કર્યા, તે રોટલા ને ત્રાજવામાં જોખવા લાગ્યો. જેમાં રોટલાનો મોટો ભાગ હતો તે પલ્લું નમ્યું. વાંદરા એ કહ્યું, “અરે ! સરખા કરી દઉં” તેને રોટલા નો થોડો ટુકડો તોડ્યો ને મોંમાં મૂક્યો. ફરી રોટલાનું વજન અસમાન થતાં તેણે કટકો રોટલો તોડી મોંમાં મૂક્યો. આમ, વાંદરો જાણી જોઈને રોટલાને નાનોમોટો તોડી મોંમાં મૂકવા લાગ્યો. છેવટે, આમ કરતાં તે આખો રોટલો ખાઈ ગયો.


બંને બિલાડી તો જોતી જ રહી ગઈ.

# ૭. ઊંટનાં અઢારે વાંકાં

એક અભિમાની ઊંટ હતું. તે પોતાને સૌથી ચઢિયાતું સમજતું. તે દરેકની ખોડ કાઢતું. તે કૂતરા પાસે જઈ કહેવા લાગ્યું, કૂતરા-કૂતરા, તારી પૂંછડી વાંકી - તારી પૂંછડી વાંકી...

ભેંસને કહે, ભેંસ ! તું તો કાળી મેશ અને તારાં શિંગડાં તો જો. આગળ જતાં ઊંટને હાથી મળ્યા, તે કહે, હાથી ઓ હાથી તારી સૂંઢ કેવી વાંકી !





કૂતરા, ભેંસ, હાથી ને નિરાશ કરી તે પોપટ પાસે ગયો, આરે પોપટ તારી ચાંચ વાંકી ને, ગળે કેવી કાઠી. પોપટ પણ સાંભળી ઉદાસ થઈ ગયો. ઊંટ તો હરખાતો જાય ને પોતાનું રૂપ જોતો જાય. આગળ મળ્યો બગલો, ઊંટે બગલાને કહ્યું, અરે બગલા, તારી તો ડોક વાંકી લાગે, આગળ જતાં ઊંટ ને વાઘ મળ્યો તો તેને વાઘના વાંચાચૂકા નખની પણ ઠેકડી ઉડાડી.

આ બધુ ચતુર શિયાળ કયારનું સાંભળતું હતું, તે ઊંટને તળાવ પાસે લઈ ગયું અને પોતાનું પ્રતિબિંબ બતાવ્યું. શિયાળે કહ્યું, અરે ! ઊંટભાઈ એક નજર તમારી તરફ પણ કરો, અન્ય પશુ-પક્ષી કે પ્રાણીઓના તો એક એક અંગ વાંકાં છે, પરંતુ આપનાં તો અઢારે અંગ વાંકાં છે.

ઊંટ પોતાનું પ્રતિબિંબ પાણીમાં જોઈ ભોંઠું પડી ગયું.

# ૮. સંપ ત્યાં જંપ

પોપટનું એક ટોળું આકાશમાં ઉડતું હતું. થોડી વારે તેમની નજર એક ઝાડ નીચે વેરાયેલા દાણા પર પડી.

પોપટનું ટોળું તો દાણાની લાલચમાં નીચે ઊતરવા લાગ્યું. ટોળામાંના એક ઘરડા પોપટે તેમને



થોભી જવા જણાવ્યું. અરે ! બચ્ચાંઓ ચેતીને ચાલો, પરંતુ પોપટનું ટોળું તો દાણા ખાવાની લાલચે નીચે ઝાડ પાસે ગયું. ઘરડો પોપટ દૂર ઊડી ગયો. થોડી વારમાં બધા પોપટના પગ દાણા ખાતા-ખાતા જાળમાં ફસાઈ ગયા. ઘરડા પોપટે આ જોયું તો એક શિકારીએ જાળ પાથરી હતી. પોપટનું આખું ટોળું હવે, એ જાળમાં ફસાઈ ગયું. ઘરડા પોપટે સાદ પાડીને કહ્યું કે “જોયુંને વડીલોની વાતો ના

સાંભળવાનું પરિણામ, હજી પણ શિખામણ સાંભળો, તમે બધા ટોળામાં છો. એક સાથે તાકાત લગાવીને ઊડો. બધા પોપટે શિખામણ સાંભળી.'' તેઓ એક સાથે જ જાળ સાથે જ આકાશમાં



ઊડ્યા. થોડું ઊડ્યા ત્યાં તેમણે નાનકડો ઉંદર મળી ગયો. ઉંદરે પોપટને બચાવવા જાળ દાંતથી કાપી નાખી. બધા પોપટ જાળથી છૂટા પડ્યા આકાશમાં ઊડવા લાગ્યા.


# ૯. રાજા અને ચકલી

એક ચકલી હતી. તે એક વાર રાજાના મહેલમાં ગઈ ત્યાંથી તેને એક ઢીંગલો જડ્યો. રાજાના ઢીંગલાને લઈ તે બોલવા લાગી : ‘‘રાજાના મહેલમાંથી મને ઢીંગલો જડ્યો.’’ રાજા આવું સાંભળી ગુસ્સે થઈ ગયા અને ચકલી પાસેથી ઢીંગલો લઈ લીધો. ઢીંગલો લઈ લીધો એટલે ચકલી કહેવા લાગી. રાજા થઈને મારી પાસેથી ઢીંગલો લીધો. રાજાએ વિચાર કર્યો કે ચકલી મને આવું કહી ગઈ કે રાજા થઈને મારી પાસેથી ઢીંગલો લઈ લીધો ! એટલે રાજાએ ચકલીને ઢીંગલો પાછો આપી દીધો. ઢીંગલો પાછો મળતાં ચકલી કહેવા લાગી, ‘નક્કી રાજા મારાથી ડરી ગયા. મને ઢીંગલો આપી દીધો. રાજા મારાથી ડરી ગયા મને ઢીંગલો આપી દીધો.’



હવે રાજા તો વધારે ખિજાયા. ચકલીને મારી નાખવાનો વિચાર કર્યો. એટલામાં ચકલી બોલી કે રાજા મારાથી ડરી ગયા. રાજા તો બહુ જ ગુસ્સે થયા. એમણે સિપાઈઓને કહ્યું કે આ ચકલી બહુ જ બોલે છે એને મારી નાખો. જ્યાં સિપાઈઓ ચકલીને મારવા ગયા ત્યાં ચકલી રાજાના વાંસા પર બેઠેલી હતી. સિપાઈઓ ચકલીને મારવા ગયા એટલે ચકલી ફરરર કરતી ઊડી ગઈ અને રાજાનો વાંસો કપાઈ ગયો ?

પછી ચકલી એક ઝાડ પર બેઠી બેઠી બોલવા લાગી કે મને તો કંઈ ન થયું પણ રાજાનો તો વાંસો કપાયો. મને તો કાંઈ જ ન થયું પણ રાજાનો તો વાંસો કપાયો.




# ૧૦. રાજાનો પોપટ

એક ગામ હતું. એ ગામમાં એક રાજા રહે. રાજાએ એક પોપટ પાળેલો. આ પોપટ હંમેશાં મીઠું મીઠું બોલે અને રાજાને ખુશ કરે. રાજાએ પણ તેને માટે એક સોનાનું સુંદર પાંજરું ઘડાવ્યું અને હીરા માણેકની નાની નાની બે વાટકીઓ પણ કરાવી.

હવે, એક કાબર હતી ને રોજ પોપટના પાંજરા સામે આવીને બેસે ને પોપટના પાંજરાની અદેખાઈ કરે તે મનમાં મનમાં બોલ્યા કરે : ‘‘મારે આવું પાંજરું હોય તો કેવું સારું ?’’







એક વખત પોપટનું પાંજરું ઉઘાડું હતું અને પોપટ પાંજરામાંથી ઊડી ગયો હતો. એટલે કાબર પાંજરામાં જઈને બેસી ગઈ.

સવારે રાજા તો જોવા આવ્યા અને પાંજરામાં પોપટ છે એવું જાણી લઈ હંમેશાંની જેમ એને પઢાવવા લાગ્યા. પણ પાંજરામાં તો કાબર હતી, ને એને પોપટની જેમ કાંઈ પઢતાં આવડે નહિ. રાજાને થયું કે પોપટ પઢતો કેમ નથી ? પણ પાંજરામાં પોપટ હોય તો પઢે ને ?

રાજાને તો થોડો ગુસ્સો આવ્યો એટલે પાંજરા પર લાકડી મારી. અંદર બેઠેલી કાબર બોલી રાજા લાકડી ન મારો. સરવા સાદવાળો તો ઊડી ગયો પણ હું મરી જઈશ અને હા, જો તમે કહો તો કલબલ કલબલ કરું.

રાજાને આટલું કહી કાબર ઊડી ગઈ અને પોપટ આવીને પાંજરામાં બેસી ગયો.

# ૧૧. વૃક્ષો આપણા મિત્રો

એક વાર બે મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા. ગરમી ખૂબ જ હતી અને રસ્તો લાંબો હતો અને વળી ત્યાં લાંબા રસ્તા પર એક પણ ઝાડ જોવા મળ્યું નહીં. બંને મુસાફરો ગરમીના માર્યા ત્રાહી ત્રાહી પોકારી ગયા. થોડી વાર પછી દૂર નજર કરતાં એક ઝાડ દેખાયું ઝાડ જોઈ ઝાડની છાયામાં જઈને બેઠા.



થોડા સમય થયો એટલે એક મુસાફરે બીજાને કહ્યું. આ ઝાડનો છાંયડો સારો છે. બાકી ઝાડ કાંઈ કામનું નથી. જો ને એના પર ફળ પણ દેખાતાં નથી ઝાડ આવું સાંભળી દુઃખી થઈ ગયું. તેણે કહ્યું, ‘અરે ! સળગતી આગ જેવી ગરમીમાં મારી ઠંડી છાયામાં તું આરામ કરે છે ને મને જ વગોવે છે ? તને આવો આરામ બીજે ક્યાં મળ્યો ? તું અહીંથી ઊઠ. તું ફળને તો શું પણ છાંયડાનેય લાયક નથી.

જા, તારા રસ્તે ચાલવા માંડ.' ઝાડની વાત સાંભળી બીજા મુસાફરે કહ્યું, 'એકદમ સાચી વાત છે. ઝાડ પોતે તપે છે અને આપણને છાંયડો આપે છે. એ જ મોટું ફળ છે.'



ચાલ ભાઈ ? હવે, તાપમાં ચાલવા માંડ એ જ આની સજા છે.
મુસાફરે પહેલાં ઝાડની માફી માગી અને પછી બંને જણા પોતાના રસ્તે ચાલતા થયા.

# ૧૨. નિર્દોષ જીવનો બચાવ

એક બતક હતું. આ બતક એક ખેડૂતે પાળેલું તેથી ખેડૂતને બતક ખૂબ જ વહાલું હતું ખેડૂતના ઘર પાસે એક નદી વહેતી હતી. આ નદી પર લાકડાનો પુલ ઘણો જ જૂનો ક્યાંકથી તૂટેલો પણ હતો. હવે, એક વાર બતકને ફરવા જવાની ઇચ્છા થઈ. તે ફરવા નીકળ્યું અને નદી પાસે આવ્યું. પુલ પરથી



ધીમેથી ચાલતું ચાલતું તે સામે કિનારે ગયું. પુલમાં વચ્ચે મોટી તિરાડ હતી એ બતકે જોયું એટલે તે ધીમેથી કૂદીને જતું રહ્યું. ત્યાં એક શિયાળે બતકને ત્યાંથી જતાં જોયું. એનું મન લલચાયું અને બતકને


ખાવાની ઈચ્છા થઈ તે તો ધીમે રહી પેલા બતકને ખબર ન પડે તે રીતે તેની પાછળ ગયું. તેની નજર બતક પર જ હતી, તેથી પુલ પરની તિરાડ જોયા વગર તે પુલ પર ચાલતું હતું અને તેનો પગ પેલી તિરાડ પર પડ્યો ને તેના ભારના કારણે લાકડું તૂટી ગયું. શિયાળ નદીમાં પડી ગયું અને નદીના



પાણીમાં તણાઈ ગયું. બતકને આની ખબર પણ ના પડી. તે તો મસ્તીમાં ફરતું હતું ને ગાતું ગાતું જતું હતું.

# ૧૩. ડોશીમાનું ડહાપણ

એક ડોશીમા હતાં. એમની આંખમાં ખૂબ બળતરા થતી હતી. તેમણે એક વૈદ્યને બતાવ્યું, વૈદ્ય કહે, તમને જરૂર મટી જશે, પણ તમારે તે માટે મને ફી આપવી પડશે. ડોશીમાની પાસે ખૂબ જ પૈસા હતા. તેમણે વૈદ્યને કહ્યું, 'કંઈ વાંધો નહીં. હું તમારી જે ફી થતી હશે તે આપી દઈશ.' વૈદ્ય ડોશીમાના



ઘરે જઈ ડોશીમાને ખુરશીમાં બેસાડ્યા પછી આંખમાં દવા નાખી. વૈદ્યે ડોશીમાને કહ્યું કે હું જ્યાં સુધી આંખો ખોલવા ન કહું ત્યાં સુધી આંખો ખોલતાં નહિ. ડોશીમા તો બંધ આંખે બેસી રહ્યાં. આવું ને આવું થોડા દિવસો સુધી ચાલ્યું. રોજ વૈદ ડોશીમાના ઘરે આવે અને દવા નાંખી બેસાડે. એક દિવસ વૈદે ડોશીમાની દવાના બહાને તકનો લાભ લીધો. તે ડોશીમાના ઘરમાંથી થોડો થોડો સામાન લઈ જવા લાગ્યા. ટેબલ, ખુરશી, વાસણો, ઘડિયાળ એમ ઘણી બધી વસ્તુઓ તે લઈ ગયા.

ડોશીમાને આંખે સારું થયું એન ચારે બાજુ જોયું. હવે, વૈદ્યે ફી માગી. ડોશીમાએ ફી આપવાની ના પાડી. વૈદ્યે ડોશીમા પર દાવો કર્યો. અદાલતમાં કેસ ચાલતાં ન્યાયાધીશે ડોશીમાને બોલાવી પૂછ્યું તો ડોશીમાએ કહ્યું કે સાહેબ, મારી આંખો સારી થઈ નથી, ઊલટાની ખરાબ થઈ છે. ઈલાજ પહેલાં



મારા ઘરની વસ્તુઓ હું જોઈ શકતી હતી, પરંતુ ઈલાજ બાદ મને એક પણ વસ્તુ દેખાતી નથી. બોલો, હું શું કરું ? ન્યાયાધીશ આખી વાતને સમજી ગયા. અને તેમણે ડોશીમાને ન્યાય આપ્યો. વૈદ્યને બધી વસ્તુઓ પરત કરવા આદેશ કર્યો અને ઠપકો આપ્યો.

# ૧૪. સ્ત્રીની ચતુરાઈ

બે સ્ત્રીઓ પાસપાસેના ઘરમાં રહે. બંને ઘર વચ્ચે વાટકી વહેવાર થતો. એકવાર સ્ત્રીના ઘરે મહેમાનો આવ્યા. ઘરમાં મોટું તપેલું ન હતું અને મહેમાનો પણ દસ પંદર દિવસ સુધી રહેવાના હતા તેથી તે પાડોશી સ્ત્રીના ઘરેથી એક મોટું તપેલું લઈ આવી. મહેમાનો પંદર દિવસ પછી જતાં રહેતાં



પેલી સ્ત્રી તપેલું પાછું આપવા ગઈ. સાથે એક નાની તપેલી પણ લઈ ગઈ. પેલી સ્ત્રીએ પોતાનું મોટું તપેલું લઈ લીધું પણ નાની તપેલી લીધી નહીં અને કહ્યું કે આ તપેલી મારી નથી. પેલી સ્ત્રીએ કહ્યું કે વાત સાચી, કે આ તપેલી તમારી નથી પણ તમે આપેલા તપેલાએ આ તપેલી ને જન્મ આપ્યો છે. માટે, એ તમારી જ તપેલી કહેવાય. પેલી સ્ત્રીને નવાઈ લાગી. તપેલું તપેલીને જન્મ કેમનો આપે ?

પણ મફતમાં મળતી તપેલી લઈ લીધી અને ખુશ થઈ ગઈ. થોડા સમય પછી ફરીથી મહેમાનો આવતાં પેલી સ્ત્રી તપેલું લેવા ગઈ તપેલું લઈને પણ આવી. મહેમાનોના ગયેથી અઠવાડિયું પણ થઈ ગયું પણ તપેલું પાછું આપવા પેલી સ્ત્રી ગઈ નહીં. એટલે પેલી પાડોશી સ્ત્રીએ તપેલું માગ્યું તો પેલી



સ્ત્રી એ કહ્યું : અરે ! તમારું તપેલું તો મરી ગયું. પાડોશી સ્ત્રી કહે તપેલું મરતું હશે ? એટલે પેલી સ્ત્રીએ જવાબ આપ્યો કે જે તપેલું તપેલીને જન્મ આપી શકતું હોય તો તે કેમ મરી ન શકે ? પાડોશી સ્ત્રી કંઈ જ બોલ્યા વગર નાની તપેલીના બદલામાં મોટું તપેલું ગુમાવી ચૂપચાપ જતી રહી.

# ૧૫. ઘવાયેલો ગધેડો

એક હતો ગધેડો અને એક હતું શિયાળ. બંને ખાસ મિત્રો હતાં. રાત પડે એટલે બંને મિત્રો ફરવા નીકળે. એક વખત બંને મિત્રએ શેરડીનું ખેતર જોયું. એટલે શેરડીના ખેતરમાં પેઠાં. શેરડીના ખેતરમાં મજાની શેરડી હતી. એટલે બંનેએ પેટ ભરીને શેરડીના સાઠા ખાધા. ગધેડો તો ખૂબ જ



આનંદમાં આવીને બોલ્યો, 'દોસ્ત ! મને તો આટલા સરસ મજાના વાતાવરણમાં ગાવાનું મન થયું છે. આ સાંભળી શિયાળ ગભરાયું અને કહેવા લાગ્યું, 'અરે ગાઈશ નહિ ! જો તારું ગીત ખેડૂત સાંભળી જશે તો આપણને ભાગવું પણ ભારે થઈ પડશે પણ ગધેડાએ શિયાળની વાત ન સાંભળી તે


ન સાંભળી. તેણે તો મોટા અવાજે ગાવાનું શરૂ કર્યું. શિયાળ તો ધીમે રહીને ગધેડાને ખબર ન પડે તે રીતે બહાર નીકળી ગયું. ગધેડાએ ગાવાનું ચાલુ રાખ્યું. ગધેડો ગાતો જ રહ્યો અને ગધેડાનું સંગીત સાંભળી ખેડૂત જાગી ગયો. લાકડી લઈને આવ્યો. ગધેડાને લાકડીથી માર્યો. ગધેડો ઉંહકારા ભરતો



ખેતરની બહાર નીકળી ગયો. બહાર જઈને જોયું તો શિયાળ બહાર જ ઊભું હતું. તેણે ગધેડાને કહ્યું કે મન ભરીને ગાઈ લીધું ? તને ઈનામ મળી ગયું ? ગધેડો કંઈ બોલી શક્યો નહી અને નીચે મોઢે ચાલતો થયો.

# ૧૬. શેઠની ચતુરાઈ

એક શેઠ હતા. તેમના ત્યાં બે મુનીમ કામ કરતા. એક વખતે શેઠને પરદેશ જવાનું થયું. શેઠે બંને મુનીમને પાંચ પાંચ મહોર આપી અને કહ્યું : 'આવીશ ત્યારે માગીશ' એક મુનીમે પાંચ મહોર દાબડીમાં મૂકી દીધી અને અને સલામત જગ્યા પર રાખી દીધી. બીજા મુનીમે પાંચ મહોરમાંથી થોડો



માલ ખરીદ્યો એને વેચ્યો અને નફો કર્યો. પાંચને બદલે હવે તેની પાસે દસ મહોર થઈ. તે ફરીથી ધંધો કરવાની ઈચ્છા ધરાવતો હતો ત્યાં શેઠ પાછા આવી ગયા. એમણે બંને મુનીમને કહ્યા પ્રમાણે બોલાવ્યા અને મહોરનો હિસાબ માગ્યો. શેઠના કહેવા પ્રમાણે પહેલા મુનીમે સાચવેલી દાબડી શેઠજીને આપી અને કહ્યું કે લો શેઠજી ? તમારી મહોર જેવી તમે આપી હતી, તેવી ને તેવી જ. મુનીમને હતું કે શેઠ ખુશ થઈ જશે. પણ શેઠ કશું બોલ્યા નહીં. હવે બીજા મુનીમને પાસે શેઠે હિસાબ

માગ્યો તેણે શેઠ ને દસ મહોર આપી. શેઠે પૂછ્યું : 'મેં તો તમને પાંચ આપી હતી દસ કેમ આપે છે?' મુનીમે બધી વાત કરી. શેઠે ખૂબ પ્રસન્નતાથી તે દસેય મહોર તેને પાછી આપી દીધી ને કહ્યુંઃ "આજથી તમે મારા વેપાર-ધંધામાં ભાગીદાર ! હું તમારી સૂઝ અને તમારા સાહસથી ખુશ થયો



છું." પછી પહેલા મુનીમને કહ્યું કે તમે ધંધો કરી ભલે મહોર બેવડી ન કરી, પણ વ્યાજે મૂકી હોય તો પણ નફો થયો હોત તમને ધંધામાં સાથે ન રખાય ! માત્ર રખેવાળીનું જ કામ સોંપાય. હું તમને આજથી પેઢીની માત્ર દેખરેખ રાખવાનું કામ સોંપું છું અને બીજા મુનીમને સાથે રાખી ભાગીદારી બનાવી રાખું છું. પછી તો શેઠ અને તેમના ભાગીદાર મળી ખૂબ કમાયા.

# ૧૭. દરબારી રત્ન

એક વખત અકબર રાજા પોતાના દરબારમાં બેઠા હતા. ત્યાં અચાનક જ અકબર રાજાને એક વિચાર આવ્યો. ત્યાં બેઠેલા બધા દરબારીઓમાં બીરબલ પણ બેઠેલા હતા. અકબર રાજાએ બીરબલને પૂછ્યું : 'બીરબલ' મારા માથામાં વાળ કેટલા હશે ? ત્યાં બેઠેલ વજીર મનમાં ને મનમાં



ખુશ થયા કે આજે રાજાએ બીરબલને ફસાવ્યો છે ? પણ બીરબલે આંખો બંધ કરી અને ધીમે રહીને તો બોલ્યો : રાજા, આપના માથા પર એક લાખ જેટલા વાળ છે ! દરબારીઓ અને વજીર સમજી ગયા કે બીરબલે ગપ્પું માર્યું. એટલે વજીરે કહ્યું, 'બીરબલ રાજાના માથા પર એક લાખ વાળ છે તો

મારા માથામાં કેટલા છે ?' તરત જ બીરબલે જવાબ આપ્યો કે, 'તમારા માથામાં નેવું હજાર વાળ છે' વજીર કહેવા લાગ્યો બીરબલ તારી વાત ખોટી. મારા માથામાં પણ રાજાજી જેટલા જ વાળ છે. બીરબલ કહે ગણી જુઓ ? એટલે વજીરે કહ્યું કે વાળ કેવી રીતે ગણી શકાય ?



બીરબલે કહ્યું કે બોલાવો વાળ કાપવાવાળાને ? મુંડાવો માથું ને પછી તમારા વાળ ગણો એટલે ખાતરી થશે. 'વજીર તો એકમદ સડક થઈ ગયા થોડી વારે કહેવા લાગ્યા. બીરબલજીની વાત સાચી છે મારે નેવું હજાર જ વાળ છે.' આ સાંભળી સૌ હસી પડ્યા.

# ૧૮. થોડામાં સંતોષ

એક શહેરમાં એક ઉંદર રહે. તે એક દિવસે ગામડામાં રહેતા ઉંદરને મળવા ગયો. ગામડાનો ઉંદર તેના મિત્ર માટે મકાઈનો ડોડો, કંદમૂળ, ગોળ અને કાચા દાણા લાવ્યો. શહેરના ઉંદરે કહ્યું, 'તું આવો કાચો ખોરાક ખાય છે ? મને તો આવું ના ભાવે. તું ચાલ મારી સાથે શહેરમાં.' ગામડાંનો ઉંદર તો શહેરના ઉંદર સાથે શહેર જવા તૈયાર થઈ ગયો. શહેરમાં જતાં જ શહેરની જાહોજલાલી જોઈ



ગામડાનો ઉંદર ખુશ થઈ ગયો. અચાનક ત્યાંથી એક ગાડી પસાર થઈ, ગામડાંનો ઉંદર ડરી ગયો. શહેરના ઉંદરે કહ્યું, 'અવાજ નહીં કરવાનો ને બિલાડી આવે, કે બાળકો આવે, ત્યારે સંતાઈ જવાનું.' શહેરનો ઉંદર ગામડાના ઉંદરને રોજ નવું નવું ખવડાવે અને શેઠના બંગલામાં રાખે તેથી ગામડાના ઉંદરને ખૂબ જ મજા આવી ગઈ. રસોડામાં ડાઈનિંગ ટેબલ પર કેવી રીતે ચઢવું તે પણ ગામડાના


ઉંદરને શીખવવામાં આવ્યું ‘ડાઈનિંગ ટેબલ પર પડેલ બ્રેડ, ચીઝ અને મીઠાઈ જોઈ ગામડાના ઉંદરના મોંમાં પાણી આવ્યું.’ જેવું ખાવાની શરૂઆત કરી તેવી જ બિલાડી ત્યાં આવી. બંને મિત્રો ટેબલ પરથી ઉતરી કબાટની નીચે સંતાઈ ગયા. ડરથી તેઓ દરમાં જતાં રહ્યાં. ગામડાનો ઉંદર કહે, ‘આ બિલાડી આપણને ખાઈ જશે તો ?’ એટલે શહેરના ઉંદરે કહ્યું કે તું ગભરાઈશ નહીં. શહેરમાં



ખૂબ ચપળ અને સાવધાન રહીએ તો કાંઈ ના થાય, બંનેએ ભૂખ્યા રહીને જેમ તેમ દિવસ પસાર કર્યા, ગામડાના ઉંદરે બીજા દિવસે ગામડે જવાની વાત કરી અને કહ્યું કે શહેરમાં ડરતાં ડરતાં મીઠાઈ ખાવી એના કરતાં સાદું ભોજન શાંતિથી ખાવું સારું. એવું કહી ગામડાનો ઉંદર પોતાને ગામ પહોંચી ગયા અને હાશ અનુભવી. પછી ક્યારેય તેણે શહેરમાં અને જવાની હિંમત ન કરી.

# ૧૯. સંપ સાચું બળ

એક ગામમાં એક મગનભાઈ નામે એક માણસ રહે. એમને ત્રણ દીકરા પણ ત્રણેય દીકરાઓ અંદરોઅંદર લડતા. કોઈ દીકરો મગનભાઈની દુકાનનું ધ્યાન પણ ન રાખે. મગનભાઈએ દીકરાઓને સુધારવાના ઘણા પ્રયત્નો કર્યા. પણ દીકરાઓમાં કંઈ ફરક ન પડ્યો. એક વાર



મગનભાઈએ પોતાના ત્રણેય દીકરાઓને બોલાવીને કહ્યું કે આ સાવરણો છે. લો 'તમે ત્રણેય વારાફરતી તેને તોડો,' ત્રણેય જણે સાવરણો તોડવાનો ખૂબ પ્રયત્ન કર્યો પણ સાવરણો તૂટ્યો નહી. પછી મગનભાઈએ સાવરણાને છૂટો કર્યો ને દીકરાઓને એક એક સળી તોડવા આપી. ત્રણેય

જણાએ જરાય મુશ્કેલી વગર એક એક સળી તોડી નાખી. પછી, મગનભાઈએ દીકરાઓને કહ્યું કે સમજ્યા ! જેવું આ સળીનું છે, તેવું તમારું છે ! જો તમે છૂટા હશો તો કોઈ પણ તમને સહેલાઈથી બરબાદ કરી શકશે. પણ જો તમે સંપીને ભેગા રહેશો તો કોઈ તમને છૂટા પાડી શકશે નહીં.



દીકરાઓ આ વાત સાંભળી એકબીજાની સામું જોવા લાગ્યા. અને પછી એકબીજાના હાથમાં હાથ મેળવી લીધા. મગનભાઈએ દીકરાઓના હાથમાં હાથ પરોવાયેલા જોયા એટલે તેઓ ખૂબ ખુશ થયા.

# ૨૦. દૂધના દૂધમાંને પાણીના પાણીમાં

એક હતું ગામ. તે ગામની પાસે થઈને એક નદી વહે. નદીના બીજા કિનારે ઘણા દૂધવાળા રહે. કેટલાક દૂધવાળાઓ રોજ નજીકમાં એક મોટું શહેર હતું ત્યાં દૂધ વેચવા જાય.





એક વાર એક દૂધવાળાને થયું, લાવને આ નદીનું પાણી લઈ દૂધમાં રેડી દઉં. તેથી મને વધારે પૈસા મળશે. આમ, વિચારી તેને પોતાની દૂધની બરણીમાં બે લોટી પાણી ઉમેરી દીધું. એ જ વખતે બીજા દૂધવાળાએ પાછળથી જોયું પણ કશું બોલ્યો નહિ. પછી બધાં શહેરમાં ગયા, દૂધ વેચ્યું અને પાછા આવ્યા. પાછા આવતી વખતે દૂધવાળાને તરસ લાગતાં તે પેલી નદીમાં પાણી પીવા ગયો. પાણી પાવી જ્યાં તે નીચે વળ્યો એટલે તેના ખિસ્સામાંથી થોડા પૈસા નદીમાં પડી ગયા.



પૈસા મળ્યા નહીં એટલે તે રડવા લાગ્યો અને કહેવા લાગ્યો કે મારા પૈસા નદીમાં પડી ગયા. બીજો દૂધવાળો બોલ્યો કે જો તું રડીશ નહીં. તારું જેટલું દૂધ હતું તેટલા પૈસા તારી પાસે રહ્યા અને જેટલું પાણી તે દૂધમાં રેડ્યું હતું તેના પૈસા પાણીમાં ગયા એમ માની લે અને હવે ઘરે ચાલ. પછી પેલો દૂધવાળો બધાંની સાથે ચૂપચાપ ચાલવા લાગ્યો.

# ૨૧. એકતામાં શક્તિ

એક જંગલમાં રાણી બકરી અને એક શિયાળ રહેતાં હતા. ઘણા દિવસોથી શિયાળની નજર રાણી બકરીનાં બચ્ચા પર હતી. પણ તેને ડર હતો કે બકરી પોતાના અણિયાળા શીંગડાથી તેને મારી નાખશે.

એક દિવસ રાણી બકરીનું એક બચ્ચું રમતું રમતું દૂર નીકળી ગયું. શિયાળ આ જ તકની રાહ જોતું હતું. તે તરત જ બચ્ચા પાસે જઈને બોલ્યું, ‘બેટા હું તારી માની બહેનપણી છું. તું મારી સાથે જંગલમાં ફરવા ચાલ હું તને ઘણું બધું ખાવાપીવાનું આપીશ. ભોળું બચ્ચું તેની વાતમાં આવી ગયું અને શિયાળ સાથે ચાલવા માંડ્યું. બકરીનો પડોશી રાજુ સસલો આ બધું જોઈ રહ્યો હતો. તે દોડતો જઈને રાણી બકરી પાસે પહોંચ્યો અને તેને બધી વાત કરી.



રાણી બકરી જંગલમાંથી બીજા પ્રાણીઓને લઈને એ તરફ ચાલવા લાગી. આ બાજુ લાલચુ શિયાળ બચ્ચાને સૂમસામ જગ્યા પર લઈ ગયું. એ બચ્ચાને ખાવા જ જતું હતું ત્યાં તો જંગલના બધા પ્રાણીઓ ત્યાં પહોંચી ગયાં અને તેને ઘેરી લીધું. પછી તો બધાએ ભેગાં થઈને શિયાળની એવી હાલત કરી કે એ કદી ત્યાં દેખાયું જ નહીં.

આ રીતે જંગલનાં પ્રાણીઓની એકતાને કારણે રાણી બકરીના બચ્ચાનો જીવ બચી ગયો.



## નિપુણ ભારત નિપુણ ગુજરાત મિશન અંતર્ગત

**પ્રારંભિક શિક્ષણ પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન**
**માટેની શૈક્ષણિક સહાયક સામગ્રી**



# વાર્તા સંગ્રહ
## ભાગ - ૨



GCERT
समग्र शिक्षा
Samagra Shiksha
NIPUN BHARAT